૯

બોટાદ, બનાસકાંઠા અને વલસાડ ખાતે ૧૦૦ની ટોચ મર્યાદાવાળા સરકારી ચીલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ (કિશોરીઓ માટે) શરૂ કરવા રૂ.૧૦૦/- લાખ ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃજજઅ/૧૦/૨૦૨૦/૫૪૫૮૫૧/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૩૦/૪/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૦૫/૧/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:જજઅ/૧૦/૨૦૨૦/૫૪૫૮૫૧/છ

**સુધારા હુકમ:**

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના તા.૦૫/૧/૨૦૨૨ના ઠરાવથી સમાજ સુરક્ષા પ્રભાગ હસ્તકના બોટાદ, બનાસકાંઠા અને વલસાડ ખાતે ૧૦૦ની ટોચ મર્યાદાવાળા સરકારી ચીલ્ડ્રન હોમ ફોર બોયઝ (કિશોરીઓ માટે) શરૂ કરવા રૂ.૧૦૦/- લાખ ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા આવેલ.

ઉક્ત ઠરાવના ત્રણેય સંસ્થાઓમાં દરેક સંસ્થા દીઠના કોષ્ટકમાં ક્રમ નં.(૨),(૩),(૪),(૬),(૭),(૮) અને (૯) પરના કર્મચારી ગણની સેવા " ૧૧ માસ કરાર આધારીત" ને બદલે "૧૧ માસ માટે આઉટસોર્સથી " લેવાની રહેશે અને તે મુજબનું વાંચવાનું રહેશે.

આ વિભાગના તા.૦૫/૧/૨૦૨૨ના સમાન ક્રમાંકના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ સુધારા હુકમ સમાન ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા. ૩૦/૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(લીના કે.વાઘેલા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

P.T.O

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, બોટાદ/બનાસકાંઠા/વલસાડ/ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ.